સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,
હિસાબ નિયામકશ્રીની કચેરી
સરદારકૃષિનગર-૩૮૫૫૦૬.

**રાજ્ય સરકારશ્રી / આઈ.સી.એ.આર. / અધર એજન્સી પુરસ્કૃત યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ગ્રાન્ટ ફાળવવામાં ના આવે ત્યાં સુધી ખર્ચ ઉધારવા બાબત...**

# -: પરિપત્ર : ક્રમાંકઃ- ૩૮/૨૦૧૭

સને ૨૦૧૭-૧૮ માટે રાજ્ય સરકારશ્રી, આઈ.સી.એ.આર., અને અધર એજન્સી પુરુસ્કૃત યોજનાઓ હેઠળ સબંધીત ફંન્ડીગ એજન્સીઓએથી વિગતવાર ગ્રાન્ટ મંજુરી, ગ્રાન્ટ ફાળવણીમાં સમય વ્યતિત થાય તેમ હોવાથી સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે ગ્રાન્ટ ફાળવણીના આદેશો અત્રેથી કરવામાં ન આવે ત્યાં સુધી નીચે પ્રમાણેની સૂચનાઓને આધિન રહીને રાજ્ય સરકારશ્રી / યુનિ.ધારા-ધોરણો અપનાવી સ્ટેચ્યુટરી જોગવાઈ મુજબ સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી ખર્ચ ઉગવવાનો રહેશે.

૧: દર માસે નિયમિત પગાર ભથ્થાં માટે ૧૦૦% ખર્ચ કરવાનો રહેશે. (મેડીકલ રીએમ્બર્સ બીલ, પગાર અને ઉચ્ચતર પગાર ધોરણના એરીયર્સના બીલો તેમજ અન્ય એરીયર્સ બીલો અત્રેથી જાણ કર્યા બાદ ખર્ચ કરવાનો રહેશે.)

૨: આકસ્મિક આવર્તક પેટા સદરહેઠળ ફક્ત વિજળી બીલ, ટેલીફોન બીલ, રોજમદાર વેતન, એજન્સી મારફત રોકેલ ઈસમોનું વેતન, પશુઓ માટે ઘાસચારો તથા પેટ્રોલ/ડીઝલ તેમજ અન્ય આકસ્મિક કિસ્સાઓ હેઠળ સને ૨૦૧૬-૧૭ના ખરેખર ખર્ચના <u>૩૦%</u> ની મર્યાદામાં રહીને કરકસર યુક્ત ખર્ચ કરવાનો રહેશે.

૩: રાજ્ય સરકાર પુરસ્કૃત યોજનામાં ફરજ બજાવતા અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ આઈ.સી.એ.આર., તથા અધર એજન્સીની કામગીરી માટે પ્રવાસ કરવામાં આવે તો જે તે બજેટ સદરે ખર્ચ ઉધારવાનો રહેશે.

૪: સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે ગ્રાન્ટની ફાળવણી થયેથી થયેલ ખર્ચ માટે ફાળવેલ ગ્રાન્ટમાંથી સરભર કરવાનો રહેશે.

૫: યોજનાકીય મંજુર થયેલ નોન-રીકરીગ આઈટમો તેમજ નવા બાધકામો અંગે સ્પીલ ઓવર ગ્રાન્ટ કે રી-વેલીડ અંગેના ગ્રાન્ટ ફાળવણીના દફતરી હુકમો જારી થયેથી જ ખર્ચ ઉગવવાનો રહેશે. પરંતુ આ અંગેની ખરીદી પ્રક્રિયા સરકારશ્રી કે રેટ કોન્ટ્રાકટના ધારા-ધોરણો મુજબ આગોતરું આયોજન કરી નિયત કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. ગ્રાન્ટ ફાળવણી થયેથી જ વર્ક ઓર્ડર જારી કરવાના રહેશે.

૬: નોન-રીકરીગ આઈટમોની ખરીદી કે વર્કસ હેઠળના કામો માટે માન.કુલપતિશ્રીની સૈધ્ધાતિક મંજુરી મેળવી રાજ્ય સરકારશ્રી ખરીદનિતિ અનુસાર ખરીદ પ્રક્રિયા હાથ ધરી ખરીદી / કામગીરી કરવાની રહેશે.

સદર પરિપત્ર માન.કુલપતિશ્રીની અનુમતી મેળવી બહાર પાડવામાં આવેલ છે.

૨૪/૩

**હિસાબ નિયામક**

નં.સદાંકૃયુ/હિનિ/બજેટ/ટિ.૧/૨૦૧૭-૧૮/ ૨૩૪૪૦-૭૦
તારીખઃ- ૨૮/૦૩/૨૦૧૭

**<u>નકલ સવિનય રવાના :-</u>**

૧: કુલસચિવશ્રી, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર તરફ જાણ સારું.
૨: સંશોધન નિયામકશ્રી, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર
૩: વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર

**<u>નકલ રવાના જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારું:-</u>**

૧: હિસાબી અધિકારીશ્રી(પીએફ), ટ્રેઝરી શાખા, સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર વિગતો ધ્યાને લઈ બીલો પાસ કરવાનાં રહેશે.
૨: યુનિવર્સિટીના સઘળા યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારું..
૩: હિસાબી અધિકારીશ્રી(કેશ), સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર
૪: મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, સ. દાં.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર તરફ મા.કુલપતિશ્રીના ધ્યાને લાવવા સારું.
૫: નિયામકશ્રી, આઈ.ટી., સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ વેબ સાઈટ પર જારી કરવા સારું.
૬: માસ્ટર ફાઈલ / પરિપત્ર ફાઈલ.